સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

સલામી સવારની..

કાશ્મીરી પંડિતોનું 'ઘરવાપસી' રેખાતું નથી!
ને આસામ-નક્ષલોનાં 'ગૃહયુદ્ધ' દેખાતું નથી
પેખાતું નથી હવે 'કાળું નાણું' એમની નજરમાં
ને વચનોમાં 'યુ ટર્ન'નું પાપ તો લેખાતું નથી...

હાઈકુ

નાના બગીચા
સૂકાઇ ને સાવકા
(મહાત્મા મંદિરને)
સીંચે સ્નેહ!

નિમણૂંકો માં
થાય છે ઉઘરાણાં
સૌનું સેટીંગ!!

ચિંતન

અનાહુતો વિશેધસ્તુ અપૃષ્ટો બહુ ભાષતે । આત્માનં મન્યતે પ્રીતં ભૂપાલસ્ય સ દુર્મતિઃ ॥

'હું રાજાનો ખૂબ માનીતોને વિશ્વાસુ છું' એમ માનીને જે માણસ વગર બોલાવે રાજભવનમાં પ્રવેશ કરે છે, અને વગર બોલે-પૂછે ઘણું બધું બોલે કે સલાહ-સૂચન આપે તે માણસ દુર્બુદ્ધિ છે.'

આજકાલ નોકરીયાતોમાં કર્મચારીમાં કામ કરતાં ચાપલૂસીનું મહત્ત્વ વધ્યું છે, નિયમ અને નિષ્ઠાપૂર્વક કામ કરનારા ઓછા છે હા જી હા કરનારા અને ખોટી રીતે 'ઓવર ટેક' કરી બઢતી મેળવનારા વધારે છે.

રાજા-અધિકારી-પ્રધાનો સ્વાર્થી હોય છે. કર્મચારીને મૂર્ખ બનાવી એની પાસે ખોટા કામ કરાવે છે. કર્મચારીને એમ લાગે છે કે હું સાહેબનો 'વિશ્વાસુ' છું અને ખોટાં કામ હોંશથી કરે છે. કોઇની સોપારી-એન્કાઉંટર પણ કરી નાખે! સ્વાર્થી સાહેબો સમય આવે તેમને ઓળખવાનું ભૂલી જાય અને વર્ષો સુધી મૂર્ખ ચાપલૂસો જેલમાં રિબાય છે.

ન્યાય-નિયમ-નીતિથી ચાલતો કોઇ પણ માણસ દુખી થતો નથી. મૂર્ખાઇ-દુર્બુદ્ધિથી હાથો બની જનાર વ્યક્તિ દુઃખી થાય છે.

સુવિચાર

- વ્યુત્પત્તિના નિયમ પ્રમાણે 'શિષ્ય અને શિસ્ત' બંને શબ્દનું મૂળ એક જ છે - એસ. ભટ્ટાચાર્ય
- ગરટરમાં તો આપણે બધા જ પડેલા જ છીએ, પણ એમાંનાં કેટલાકની આંખો તારા પર મંડાયેલી છે - ઓસ્કાર વાઇલ્ડ
- સંબંધ એવા બનાવો કે જેમાં.. શબ્દો ઓછા અને સમજ વધારે હોય, વિવાદ ઓછા અને સ્નેહ વધારે હોય, શ્વાસ ઓછા અને વિશ્વાસ વધારે હોય, પુરાવા ઓછા અને પ્રેમ વધારે હોય - એસ.એમ.એસ.
- જે પોતાને સુખી માને છે તે ખરેખર સુખી હોઇ શકે છે પણ જે પોતાને ડાહ્યો માને છે તે મહામૂર્ખ હોય છે - ચંદ્રકાન્ત બક્ષી
- હોંશિયાર માણસથી ભૂલો થાય તેવું ક્યારેક જ બને છે, પણ ભૂલોથી માણસ હોંશિયાર થાય તેવું જરુર બને છે - અખંડ આનંદ
- તમારા ઉદ્દેશ્યમાં નિષ્ઠા એ જ સફળતાનું રહસ્ય છે - રમેશ ઓઝા
- આવનાર પહેલી તક કે અવસર ને છોડો નહીં, કારણ કે બીજી વખત આવનાર તક હંમેશા પહેલી તક કરતાં મુશ્કેલ અને શરતોને આધિન હશે - ધર્મસૂત્ર

(સંકલન : દિપક વી. આસરા)

બોધ કથા

ઘણીવાર આપણે તદ્દન આપણી નજીક રહેતી વ્યક્તિને પણ ઓળખી શકતા નથી, અને એના સ્વભાવ, ચારિત્ર્ય, વર્તન અને આચરણ વિશે શંકા-કુશંકાઓ કરીએ છીએ. સત્ય સમજાય ત્યારે આપણને ભોંઠપનો એક જોરદાર તમાચો લાગે છે કદાચ સત્ય સમજવામાં મોડું પણ થઇ જાય!!

યહુદી ધર્મ ગુરુને રેબાઇ કહેવામાં આવે છે, એમના ધર્મમાં ધર્મગુરુને પણ એક દિવસ ચર્ચની ફરજોમાંથી મુક્તિ આપવામાં આવે છે. આને સેબાથ કહેવામાં આવે છે. આ શહેરના ચર્ચમાંથી એક રેબાઇ શુક્રવારે રાત્રે ગૂમ થઇ જતા અને છેક રવિવારે વહેલી સવારે પાછા આવતા. તે ક્યાં જાય છે એ કોઇ જાણતું નથી. ચર્ચમાંથી શરુ થયેલી ગૂપસૂપ ગામમાં પહોંચી સૌની ઉત્સૂકતા વધી કે રેબાઇ જાય છે ક્યાં?

ગામના કેટલાંક પંચાતીયાઓએ જાસૂસી ગોઠવી. ત્યારે ખબર પડી ધર્મગુરુ એક વૃદ્ધાને ઘેર જતા હતા, ત્યાં કપડાં બદલી એ વૃદ્ધાના ખેતર અને ઘરનું કામ કરતા અને રવિવાર પાછા પોતાની ધર્મ ફરજ પર હાજર થઇ જતા...

સૌમ્ય ચાલતા હાથીને પાછળ આવતાં કૂતરાંની ચિંતા હોતી નથી. ઘણીવાર આપણે વ્યક્તિને આપણી દૃષ્ટિથી જ જોઇએ છીએ.

Email - sureshchandrabhatt18@gmail.com

ચારણ સમાજની સાત્વિક અને સાંસ્કૃતિક ધરોહરને સાહિત્યિક માધ્યમથી ઉજાગર કરતો ગ્રંથ

શબ્દ સમીપે

- નટવર હેડાઉ

દરેક વ્યક્તિએ ભલે સમાજની મોટી વ્યવસ્થાનો એક નાનો ભાગ હોય પણ તે વિશિષ્ટ છે. તેમ જ અન્ય લોકોથી ભિન્ન છે. એ જ રીતે દરેક સમાજ પણ ભલે કોઇ મોટા પ્રદેશ કે દેશના બૃહદ સમાજનો ભાગ હોય પરંતુ તે સમાજની એક વિશિષ્ટ ઓળખ છે. તેમજ સામુહિક પ્રતિભા છે. દરેક બિંદુ એ મહાસિંધુનો ભાગ છે. પરંતુ એક નાના-શા બિંદુ તરીકે પણ તેની એક વિશિષ્ટ ઓળખ છે. આવી ઓળખ આપણને ક્યારેક એ સમાજ દ્વારા પ્રસ્તુત થતાં પ્રકાશન દ્વારા મળી રહેતી હોય છે આજે મારે એવા જ એક પ્રકાશનની વાત કરવી છે.



ચારણી સાહિત્ય જેમ અલગ પડી આવે છે તેમ ચારણી સંસ્કૃતિની પણ એક આગવી ઓળખ છે અને તેને પ્રગટાવવા માટે ચારણ જ્ઞાતિના મહાનુભાવો દ્વારા લેખો, કાવ્યો અને વિશિષ્ટ પ્રસંગોની ઉજવણી દ્વારા જે પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. તેની વિગતે નોંધ પણ જ્ઞાતિના જ સામાયિક 'ચારણ' દ્વારા સમયે સમયે લેવાતી રહી છે. આ ત્રિમાસિકમાં પ્રગટ થયેલા લેખોમાંથી કેટલાક મહત્ત્વપૂર્ણ લેખોનં સંપાદન કરી 'ચારણસંસ્કૃતિ' નામે એક પુસ્તક પ્રગટ કરવામાં આવ્યું છે. તેના સંપાદક રામભાઇ જામંગે સેલટેક્ષ વિભાગની મોભાદાર નોકરીમાંથી સ્વૈચ્છિક નિવૃત્તિ લઇ પોતાના રસના વિષયો જેમ કે સામાજિક સંપાદિક અને સાહિત્યિક પ્રવૃત્તિઓમાં જોતરાયા છે.

આ પુસ્તકની પ્રસ્તાવના 'હમારી ખૂબ ખીલે ફૂલવારી' શિર્ષકથી હાલમાં હાલમાં વક્તા, કટાર લેખક તરીકે પોતાની હથરોટી જમાવી રહ્યા છે. એવા વી. એસ. ગઢવી (ગાંધીનગર) દ્વારા લખવામાં આવી છે. આ પુસ્તકમાં ૬૨ જેટલા લેખો, ૨૦ પાનામાં કાયમી સંભારણા સમાન વિવિધ પ્રસંગોની તસ્વીરો મુકવામાં આવી છે. આ પુસ્તક આઇ શ્રી સોનલમાં ને અર્પણ કરવામાં આવ્યું છે. ચારણ સંસ્કૃતિની વાત કરવામાં આવે તો ચારણ માટે ગઢવી, બારોટ, બારહઠ વગેરે શબ્દો પ્રયોજવામાં આવતા હોય છે. કચ્છના હાલારમાં ચારણને ક્યાંક બારોટ કહે છે. રાજસ્થાનમાં બારહટ કહે છે. જ્યારે સૌરાષ્ટ્ર તેમજ ગુજરાતમાં ગઢવી કહેવામાં આવે છે. ગઢવી એટલે ગઢપતિનું અપભ્રંશ એટલે કે ગઢને સાચવનાર સેનાપતિ, બારહઠ્ઠ એટલે બાર પ્રકારના વ્રતોને પાળનાર બારોટ શબ્દ તેનો અપભ્રંશ છે. ઝાલાવાડના કેટલાલ ગામ ઘણી ચારણો પોતાને ગામપતિ - ગામેતી કહેવડાવતા પરંતુ આ બધા શબ્દો કરતાં ચારણ શબ્દ અનેક ગણો મોટો - મહાન ગૌરવવંતા અર્થોનો વાહક અને ઉચ્ચ આદર્શોથી ભરપુર છે. શાસ્ત્રોમાં દેવજાતિ તરીકે ચારણ શબ્દનો ઉલ્લેખ અનેક જગ્યાએ થયો છે તે અનુસાર તે ધર્મનું - સત્યનું, વેદનું, નીતિનું, કીર્તિનું, વિદ્યાનું પ્રસારણ કરનાર, સંચાલન કરનાર, શુભ પ્રવૃત્તિ ફેલાવનાર દેવજાતિ વિશેષ એવો થાય છે. જે અમુક ધ્યેયને નક્કી કરીને તે મુજબ મુજબ ગાળનાર હોય છે.

ચારણ એટલે દેશનું, જાતિનું, સંસ્કૃતિનું સંચાલન કરનાર જાતિ વિશેષ તેનો બૃહદ અર્થ 'ચારણ' સામાયિકતા પૂર્વે તંત્રી દિવંગત પિંગળશીભાઇ પાયક દ્વારા સુંદર રીતે રજૂ કરવામાં આવ્યો છે. આ પુસ્તકમાં ગાંધીનગરના પાંચ સાહિત્યકારોના લેખો અનુક્રમે મળે છે જેમ કે, 'કવિ પિંગળશી ભાઇ લીલા અંગે શતાબ્દી વંદના', લેખ વી.એસ.ગઢવી, 'ગાંધીજી અને ચારણો' પ્રવીણ ગઢવી. અણબોટી કલ્પનાના લોકકવિ 'દાદ'નું 'ટેરવાં' ભરત કવિ, 'કદર' વાર્તા દોલત ભટ્ટ, 'ચાલો મનોબળ વધારીએ' નેહલ જયદીપ ગઢવી. તે ઉપરાંત પાંચ જેટલા ચારણેત્તર સાહિત્યકારના લેખો પણ સમાવવામાં આવ્યા છે. જેમાં જયમલ્લ પરમાર, જોરાવરસિંહ જાદવ, પૂનમ રબારી, ભવાનીસિંહ મોરી, શાંતિલાલ રાણીંગાના લેખો મળે છો તો. 'લુપ્ત થતી ચારણ પરંપરાને સજીવન રાખવા' અંગેના દાદુદાન ગઢવી 'કવિ દાદ' નો મહત્ત્વપૂર્ણ લેખ માહિતિપ્રદ છે. અને 'ચારણો, ચારણી સાહિત્ય અને ઋતુ ગીતો' અંગેનો શિવદાન ગઢવીને લેખ રસ પડે તેવો છે. તો ચારણ જાતિનાં 'શિક્ષણ અને સંસ્કારની વાતો આલેખતો લેખ આપણને ઝવેરચંદ મેઘાણી' લોક સાહિત્ય કેન્દ્ર (રાજકોટ) ના નિયામક ડો. અંબાદાન રોહડિયા દ્વારા મળે છે. આં.રા. ખ્યાતિ પ્રાપ્ત લોક સાહિત્યકાર ભીખુદાન ગઢવી 'સુખની કુંચી' આપે છે. પાછળના મુખપૃષ્ઠ પર 'કાયમ સૌરભી કાગ' લખી ને કવિ કાગની તસ્વીર ધ્યાનાકર્ષક બને તેવી છે. અહીં વસંતભાઇ ગઢવીએ પોતાની પ્રસ્તાવનામાં જણાવ્યું છે તે અનુસાર ચારણ અંકોની પાંચ વર્ષની ભાગીગળ યાત્રામાં વિષય વૈવિધ્યની જાળવણી કરીને ચારણ વારસાની અને તેનાં સાહિત્યની તથા તેના સર્જકોની વાતો કાળજીથી વણી લેવામાં આવી છે. તેમાં ઘણા નવલોહિયા યુવાનો તથા બહેનો દીકરીઓએ આ સંસ્કાર યજ્ઞમાં પોતાનું યોગદાન આપ્યું છે. તે ઉપરાંત ચારણેત્તર સર્જકોએ પણ આ કાર્યમાં અર્થપૂર્ણ અને હેતુપૂર્ણ પુરવણી કરી તેમના વિચારો થકી વિશિષ્ટ સહયોગ આપ્યો છે તે નોંધપાત્ર ઘટના છે.

'ચારણ સંસ્કૃતિ' આમ તો એક જ્ઞાતિ વિશેષના ત્રિમાસિક સામાયિકના છેલ્લા પાંચ વર્ષના અંકોનું સંપાદન કરી એક વિશેષાંક તરીકે પ્રગટ કરેલા પુસ્તક છે. પણ તેનું ખાસ મહત્ત્વ એ કારણે છે કે ગત ફેબ્રુઆરીની કથાનું આયોજન થયેલ તે સમયે પૂ. મોરારિ બાપુના હસ્તે આ પુસ્તકનું લોકાર્પણ થતાં ઘણાં બધાં દેશ-વિદેશના મહેમાનો માટે પણ આ પુસ્તક ખુબ સરળતાથી હાથવગું થયું હતું. કદાચ તે કારણે જ પાછળના પૃષ્ટની અંદરના ભાગે મોરારી બાપુની તસ્વીર પણ મુકવામાં આવી છે. તેમજ મુખપૃષ્ઠ અને તેની અંદર પાને આઇ શ્રી સોનલ માં ની તસ્વીર મુકાઇ છે.

'ચારણ સંસ્કૃતિ' પુસ્તક રુપે ચારણ સમાજના લોકો તેમજ ચારણેત્તર સમાજ માટે પણ ઘણી બધી માહિતી અને ચારણો વિષેની અવનવી વિગતો લઇને આવતું હોઇ અભ્યાસુને ગમી જાય તેવું પ્રકાશન છે. તે બદલ તેનાં સંપાદકો ને ધન્યવાદ પાઠવું છું અને પુસ્તકને આવકારું છું.

ચારણ સંસ્કૃતિ
સંપાદક - રામભાઇ એલ. જામંગ
પ્રકાશક - આઇશ્રી સોનલ મા એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ, ચારણ (ગઢવી) વાડી સુખરામનગર-૨, કોઠારિયા ચોકડી, રાજકોટ
પૃષ્ઠ- ૨૦૧૬, કિંમત રૂા. ૧૦૦/-, પ્રથમ આવૃત્તિ - ૨૦૧૫

ગૂજરાત વિદ્યાપીઠને મળ્યા મહિલા ચાન્સેલર

હું રસ્તે રઝળતી વારતા

- અચના કમલેશ

ગુજરાતનાં મધર ટેરેસા જેવાં સેવાવ્રતી શ્રીમતી ઇલાબહેન ભટ્ટ બહારની દુનિયામાં ગુજરાતી નારીના પ્રચંડ પુરુષાર્થનું જીવતું જાગતું ઉદાહરણ બની રહ્યા છે. આંતરરાષ્ટ્રીય ખ્યાતિ મેળવનાર ભારતીય મહિલાઓમાં એ એ 'સેવા' - 'સર્વહારા મહિલાઓની સ્વમાનપૂર્ણ જિંદગીનાં શિલ્પી તરીકે અનોખી પ્રતિષ્ઠા ધરાવે છે. અનેક માન અકરામ અને ઇલકાબોથી વિભૂષિત ઇલાબહેનનું નામ વારંવાર શાન્તિ અને સેવાક્ષેત્રે અપાતા નોબલ પ્રાઇઝ માટે પણ સૂચવાતું રહ્યું છે. જે ગાંધીવિચારની ગંગોત્રી સમી ગૂજરાત વિદ્યાપીઠમાં વર્ષો સુધી વિદ્યાર્થીની તરીકે છાત્રાલયમાં રહી એમ.એ., એમ.એડ્. સુધીનું ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી હાલ બુનિયાદી અધ્યાપન મંદિરમાં અધ્યાપિકા તરીકે કાર્યરત છું, એ જ વિદ્યાસંસ્થામાં સ્વ. નારાયણ દેસાઇ જેવા ગાંધી વિચારના મશાલચીનું ગૌરવવંતુ પદ ઇલાબહેન ભટ્ટને સોંપાયું, તેનો હરખ કરવાની તક જવા દેવાય ખરી? 'સેવા'નાં ભેખદારી મહિલા અગ્રણી હવે ગાંધીની વિદ્યાપીઠનાં કર્ણધાર 'કુલપતિ' બન્યાં છે! વિદ્યાપીઠ અને ઇલાબહેન બેઉ પરસ્પરનાં પર્યાય બની રહ્યાં છે.

અમદાવાદમાં વડુ મથક ધરાવતી સ્વાશ્રયી મહિલાઓના હક્ક-હિત માટેની ખેવના કરતી સંસ્થા 'સેવા' ના સ્થાપક ઇલાબેન ભટ્ટ અને મહાત્મા ગાંધીજીએ સ્થાયેલી યુનિવર્સિટી ગૂજરાત વિદ્યાપૂઠનાં ચાન્સેલર બન્યાં છે. ગાંધીજીના રહસ્યમંત્રી મહાદેવભાઇ દેસાઇના સુપુત્ર, લેખક અને ગાંધીમાર્ગી શિક્ષણસંસ્થાઓનાં શિક્ષક સંચાલક રહી ચૂકેલા નારાયણભાઇ દેસાઇ ગૂજરાત વિદ્યાપીઠના ચાન્સેલર હતા. ગત ૧૨ માર્ચને દિવસે એમનું અવસાન થતાં અગાઉ થતાં અગાઉ જ, બિમારીને કારણે એમને પદ છોડી દીધું હતું. પછી રિવાજ પ્રમાણે, એક શોધ સમિતિ નીમાયેલી. એમે ઇલાબેન ભટ્ટ પર આ યુનિવર્સિટીના વડાનાં પદની પસંદગી ઉતારી છે. આ યોગ્યતા પસંદગી હોવા ઉપરાંત ઐતિહાસિક પસંદગી છે. ૧૯૨૧માં સ્થપાયેલી વિદ્યાપીઠના આ પ્રથમ મહિલા ચાન્સેલર છે! ચાલો, મોડો તો મોડો પણ એક અભિનંદનીય ઉપક્રમ થયો.

૭ સપ્ટેમ્બર ૧૯૩૩ને દિવસે અમદાવાદમાં જન્મેલ ઇલાબેન ભણ્યાં પણ અમદાવાદમાં. બીએ, એલએલબી થયા પછી મહેનતકશોની સેવાની ભાવનાથી અમદાવાદના મજૂર મહાજન સંઘમાં જોડાયાં. અહીં કામ કરતાં કરતાં એમણે જોયું મિલો, કારખાનાઓ વગેરેમાં કામ કરતાં શ્રમજીવીઓનાં તો સંગઠન છે અને એ દ્વારા એક પ્રકારનું દબાણનું પરિબળ ઊભું કરીને કેટલાક હક અને લાભ મેળવી શકાય છે. પરંતુ અસંગઠિત ક્ષેત્રનાં શ્રમજીવીઓ અને ખાસ કરીને મહેનતકશ ક્ષેત્રનાં શ્રમજીવીઓ અને ખાસ કરીને મહેનતકશ સ્ત્રીઓનું કોઇ સંગઠન નથી. એમનું ભયંકર શોષણ થાય છે. ઇલાબેને આવી મહિલાઓનું સંગઠન રચવા વિચાર કર્યો.

૧૯૫૬માં અર્થશાસ્ત્રના પ્રોફેસર રમેશ ભટ્ટ સાથે લગ્ન થયાં. પ્રોફેસર સાહેબના સંગમાં નારીઓના શ્રમના અર્થકારણી સમજ કેળવાઇ. ઇલાબેને મજૂર મહાજન સંઘના નેજા હેઠળ આ શ્રમજીવી નારીઓનું સંગઠન શરું કર્યું. પરંતુ ગમે તે કારણોસર બેનને સંતોષ થાય એવી પ્રગતિ થઇ નહીં. આથી, ૧૯૭૧માં મજૂર મહાજનથી મુક્ત થઇને એમણે 'સેવા' નામે સંગઠનની રચના કરી. 'સેવા' શબ્દ સંસ્થાના અંગ્રેજી નામ સેલ્ફ -એમ્પ્લોઇડ વિમેન્સ એસોસિએશન. **(Self Employeled Women's Association)** ના પ્રથમાક્ષરો વડે બનતો શબ્દ છે. એનું ગુજરાતી

સ્વાશ્રયી મહિલા સંઘ છે.

૧૯૭૨થી સેવાનું સંગઠિત સ્વરુપ શરું થયું. ઇલાબેન ૧૯૭૨થી ૧૯૯૬ સુધી એના મુખ્ય મંત્રી રહ્યાં. પછી માત્ર વડીલ માર્ગદર્શન તરીકેની ભૂમિકા એમણે સ્વીકારી. પરંતુ એ દરમિયાન એમણે સાવ સાધારણ સ્થિતિના, અલ્પશિક્ષિત અને આદિકાળથી શોષિત એવી બહેનોમાંથી અદ્ભૂત જ ગણાય એવી નેતાગીરી ખડી કરી.

સેવાનો વિસ્તાર એની સભ્યસંખ્યાના વિસ્તારમાં પ્રતિબિંબિત થાય છે. આજે સેવા-સંગઠન કયારનુંય ગુજરાતના સીમાડા વટાવીને દેશભરમાં પ્રસર્યું છે. આ સંસ્થા સાથે વીસથી પચીસ લાસ બહેનો સંકળાઇ છે. અને એ એક માન્ય કામદાર સંગઠન (ટ્રેડ યુનિયન) છે. વિશ્વના કોઇ પણ અન્ય કામદાર સંગઠનની આવડી મોટી સભ્ય સંખ્યા નથી. સંસ્થાની સુવાસ અનેક એશિયન - આફ્રિકન દેશો સુધી પ્રસરી છે. બીજી બાજુંદુનિયાભરના અને યુનોનાં પણ શ્રમજીવી સંગઠનો સાથે સેવાની સંકળામણ છે. ઇલાબેનનાં આ વિરાટ કાર્યના એક અદનાં પ્રશંસક અમેરિકાના હિલેરી ક્લિન્ટન છે! ભૂતપૂર્વ અમેરિકી રાષ્ટ્રપતિ બિલ ક્લિન્ટનના પત્ની અને સ્વયં અમેરિકાનાં ભૂતપૂર્વ વિદેશમંત્રી હિલેરી ઇલાબેનને પ્રોતાના પ્રેરણામૂર્તિ માને છે. હિલેરી ભારત આવ્યાં હોય તો સેવાનાં મહેમાન બન્યા વગર રહેતા નથી.

આવી યુગપ્રવર્તક કામગીરી બદલ ઇલાબેનને અનેક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પુરસ્કાર મળ્યા છે. એશિયાનો સેવાપ્રવૃત્તિ માટેનો સૌથી મોટો રેમન મેગ્સેસે એવોર્ડ, રાઇટ લાઇવલીહૂડ એવોર્ડ, અમેરિકાના ઇતિહાસનાં પ્રખરત્તમ નારીવાદી સુસાન બી. એન્થનીની યાદમાં અપાતો અવોર્ડ. ભારતનાં રાષ્ટ્રપતિએ ૧૯૮૫માં એમને 'પદ્મશ્રી'થી વિભૂષિત કર્યાં હતા. અને ૧૯૮૬માં એમને 'પદ્મવિભૂષણ' થી સન્માનિત કરાયા. આ ઉપરાંત ગૂર્જરરત્ન, વિશ્વગુર્જરી એવોર્ડ, અમેરિકાની બલ્બે યુનિ.ઓ દ્વારા માનદ ડૉકટરેટની ઉપાધિ એમને અર્પણ કરાઇ છે. રાજયસભાના એ નિયુક્ત સભ્ય રહ્યાં છે. જયાં ખૂબ લોકહિતકારી કાનૂન રજૂ કર્યા છે.

આટલી જીવન નોંધમાં ઇલાબેનની બધી સિદ્ધિઓનો ઉલ્લેક ન થઇ શકે. એમનો મહિમા કરીએ એટલો ઓછો છે.

આજે તો ગૂજરાત વિદ્યાપીઠનાં ચાન્સેલર બનવા બદલ ઇલાબેનને હૃદયના ધન્યવાદ પાઠવીએ.

ગૃહિણીઓને રોબોટ મળશે

ફેબ્રુઆરી ૨૦૧૫ના પ્રથમ સપ્તામાં વાંચવા મળ્યું કે મોટી હોટેલો અને રેસ્ટોરાંમાં રોબોટિક (યાંત્રિક) પીરસણીયા આવી ગયા છે. જમવા બેઠેલા ગ્રાહક જે સામગ્રીનો ઓર્ડર આપે તે તરત લાવી આપશે. આને માટે પેલા ડ્રોન પ્રકારનાં યંદ્રો વપરાય છે.

જો હોટેલના ગ્રાહકોને આવા 'સેવક' મળતા હોય તો ગૃહિણીને શા માટે ન મળે? એટલે હવે રસોડાના રોબોટ (યંત્રો) વિકસવા લાગ્યા છે. આ રસોડાના રોબોટ એ પ્રકારના બની રહ્યા છે કે જે રસોડાનાં વિવિધ સાધનોને તેમજ પદાર્થોને પણ ઓળખી શકે. એટલે કે આ રોબોટસ સૂચના પ્રમાણેનાં પાત્રો, ડબાડુબલી, પ્યાલા જગ વગેરે ગૃહિણીની માગ પ્રમાણે લાવી આપશે.

તમારા બોસ સ્ત્રી કે પુરુષ ?

હજારો વર્ષ લગી પુરુષપ્રધાન સમાજ રહ્યા પછી, ડાર્વિન જેવા વિજ્ઞાનીઓ, કાર્લ માર્કસ જેવા સમાજવિજ્ઞાનીઓ અને સિગમંડ ફ્રોઇડ જેવા મનોવિજ્ઞાનીઓ વગેરેને પ્રતાપે નરનારી સમાનતાનો યુગ શરુ થયો છે. પરંતુ જેમ ઓલ્ડ હેબિટ્સ ડાય હાર્ટ (જૂની ટેવો જલદી મરતી નથી) તેમ જૂના સંસ્કાર પણ જલ્દી ટળતા નથી. એટલે હજુ પણ ઘણા ખરા દેશોમાં સત્તાસ્થાનો પર અને સંચાલીકય (મેનેજરિયલ) સ્થાનો પર પુરુષો જ વધારે છે. સ્ત્રીઓનું પ્રમાણ ખૂબ ઓછું છે. ભારત અને અમેરિકા જેવા દેશોમાં કોઇ કોઇ બહેનો એક યા બીજા કારણસર સત્તા પર કે ઉદ્યોગ, વ્યવસાય, નોકરીમાં 'બોસ'નાં સ્થાન પર જોવા મળે છે, પરંતુ દેશની વસ્તીમાં સ્ત્રીઓની જે સંખ્યા છે એના પ્રમાણમાં આ સ્ત્રીઓ નહીવત છે.

કેટલાંક સમય અગાઉ અમે એક કોષ્ટક જોયું હતું એમાં સત્તાધારી વ્યક્તિ (બોસ) તરીકે કયા દેશમાં કેટલા ટકા સ્ત્રીઓ છે એ જણાવવામાં આવ્યું હતું. આવાનાં બોસ સ્થાનો પર પાકિસ્તાનમાં ૩ ટકા સ્ત્રીઓ છે અને એ દેશનો છેલ્લો નંબર છે. પ્રથમ સ્થાને વેસ્ટ ઇન્ડિઝ ટાપુઓમાં આવેલા જમૈકા ટાપુ (દેશ) છે. ત્યાં ૫૯.૩ ટકા સત્તાસ્થાનો પર ટાપુઓ છે. આ બે આંકડાઓની વચ્ચે દેશોની યાદી પણ મળી છે. ધ્યાનાપાત્ર વાત એ છે કે એમાં ભારત (ઇન્ડિયા) ક્યાંક નથી! કાં તો ભારતનો આંકડો આ આંકડા મેળવનાર અમેરિકન અખબાર 'વોશિંગ્ટન પોસ્ટ' ને મળ્યો નથી અને કાં તો ભારતનો આંકડો પાકિસ્તાન કરતાં વધારે ખરાબ છે,' ખેર જુઓ આ આંકડા : સત્તાસ્થાને પર સ્ત્રીઓની ટકાવારી

જમૈકા - ૫૯.૩, કોલમ્બિયા - ૪૭.૬, સેન્ટ લ્યુસિયા - ૫૨.૧, ફિલિપાઇન્સ - ૪૭.૬, પનામા - ૪૭.૪, બેલારૂસ, ૪૬.૨, લેટવિયા - ૪૭.૭, બોટ્સવાના - ૩૮.૬, યુ.કે. (ગ્રેટ. બ્રિટન) - ૩૪.૨, સિંગાપોર - ૩૧, શ્રીલંકા - ૨૮.૪, ઇટાલી - ૨૫.૮, ઇન્ડોનેશિયા - ૨૧.૨, ચીન - ૧૬.૮, દક્ષિણ કોરિયા - ૧૧, બાંગ્લાદેશ - ૫.૪, પાકિસ્તાન - ૩.

મેરીલીન મનરો આજેય સૌંદર્યદર્શ

અમેરિકાની વિરલ અભિનેત્રી મનરોના અવસાનને અર્ધી શતાબ્દી થઇ ગઇ. એ ખૂબ જ કરુણ અવસાન હતું. પણ અવસાનને કારણે જ નહીં, એની વિશિષ્ટ અભિનયક્ષમતા અને અતિવિશિષ્ટ જીવનને કારણે પણ મેરીલીન યાદગાર છે. અરે, પચાસના દાયકાના કેટલોક સમય તો એ દુનિયાની સફળતમ અભિનેતી ગણાતી હતી. તે એટલી બધી લોકપ્રિય હતી કે લાખો અમેરિકન સૈનિકો જે કોરિયામાં રડતા હોય કે લાખો વિયેતનામમાં, મેરીલીનની તસવીર પોતાની છાતીએ વળગાડી રાખતાં! વળી, એનું આકર્ષણ છેક અમેરિકાના રાષ્ટ્રપતિના શયનખંડ સુધી પહોંચ્યું હતું. જી હા, આખું અમેરિકા જાણે છે કે અમેરિકાના તત્કાલિન રાષ્ટ્રપતિ જહોન એફ. કેનેડીએ મેરીલીનને પોતાના શયનખંડમાં સુદ્ધાં 'સન્માની' હતી! એટલું જ નહીં, જહોન કેનેડીની હત્યા પછી જે રાષ્ટ્રપતિની ચૂંટણી લડવાના હતા તે રોબર્ટ કેનેડીએ પણ એની સુંદરતાનો દુરુપયોગ કર્યો હોવાનું ચરાય છે.

આ મેરીલીન મનરો અવસાનની અરધી સધી પછીયે કેટલીય લોકપ્રિય અને જાહેર ખબરદાતા - પ્રિય છે એનું પ્રમાણ હમણાં (જાન્યુઆરી, ૨૦૧૫માં) મળ્યું, વિશ્વની સૌથી વધુ મોટું બજાર ધરાવતી સૌંદર્યપ્રસાધન ઉત્પાદક કંપની મેક્સ ફેકટરે પોતાના ઉત્પાદકો માટેની સૌંદર્યમૂર્તિ તરીકે મેરીલીન મનરોને પસંદ કરી છે. આજે અમેરિકામાં એન્જનીની જોલી કે જેનિફર લોપેઝ કે કેટ બ્લાન્ચેટ જેવી 'સુંદર' ગણાતી અભિનતીઓ અનેક છે. એન્જલીના તો આજની દુનિયાની 'સૌંદર્ય આદર્શ' ગણાઇ છે. છતાં મેક્સ ફેકટરે પોતાની 'બ્રાન્ડ એમ્બેસેડર' તરીકે મેરીલીનને પસંદ કરી છે એ નાનીસૂની વાત નથી.